PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૬૧-૫ તારીખ : ૦૪ - ૦૧ - ૨૦૨૪

રજી. એડી. પત્ર

પ્રતિ,
મેં.દૃહી એલોય સ્ટીલ પ્રોસેસર્સ
જી-૧૩૧૨, લોધિકા જીઆઈડીસી કિશાન ગેટ કાલાવડરોડ,
મું. પો. : મેટોડા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૧
મોબાઈલ : ૯૦૯૯૦૧૭૨૧૭

વિષય : ગ્રાહક નં. ૨૮૭૮૧ માં બેંકીગ ચાર્જીસની ખોટી રીતે વસુલાત અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. .
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૧/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લોધીકા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧/ક્વા-૩/૨૩-૨૪/૬૧-૬ તા. ૦૫-૦૧-૨૦૨૪

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૧/ક્વા-૩/૨૩-૨૪, તા.૨૨-૧૧-૨૦૨૩

અરજદાર : શ્રી મેં. દુહી એલોય સ્ટીલ પ્રોસેસર્સ, ગામ: રાવકી

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિશ્રી જયંતીલાલ નાગરભાઈ પટેલ

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઇજનેર અને તેમની સાથે શ્રી આર.કે.પંડયા, અધિક્ષક હિશાબનીશ ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

:: કોરમ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૮.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જે અનિવાર્ય કારણોસર રદ કરેલ ત્યારબાદ તા.૨૨-૧૨-૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ.

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જે અનિવાર્ય કારણોસર રદ કરેલ ત્યારબાદ તા.૨૨.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

2.0 Applicant M/s Duhee Alloy Steel Process having consumer no. 28781 with Contract demand-1750 KVA, At: Metoda, Ta: Lodhika, Dist: Rajkot. Applicant have installed captive rooftop solar power project 787 KW.

2.1 Applicant have completed all formalities of captive solar rooftop i.e. GEDA registration, CEI inspection, Grid connectivity charges, installation of Bidirectional ABT metering system and execution of wheeling agreement etc. Solar project work completed and commissioned on Dt:24.05.2021.

2.2 As per the checking sheet No.34521, Respondent have installed Bidirectional meter and solar generation meter on 24-05-2021.

2.3 Respondent has recovered banking charge Rs.1.1/Unit on solar generated consumed unit and set off given on daily base since commissioning of plant.

2.4 As per GERC order 1936 of 2021 issued on 11.6.2021, accordingly para no.32.1 mentioned as following :

"32.1 : we would like to clarify that the decision taken by the Commission for amendment of the Order No. 3 of 2020 dated 8.05.2020 read with Suo-Motu Order No. 6 of 2020 dated 5.08.2020 with regards to various provisions of the said Order shall be effective from the date of this order. The solar power projects set up prior to order in this Petition shall be governed by the provision of the Order No. 3 of 2020 dated 8.05.2020 and Suo-Motu Order No. 6 of 2020 dated 5.08.2020 i.e. pre-amendment of the Order. The solar projects that may be set up and commissioned on or after the date of this order shall be governed by present order. The provisions of Order No. 3 of 2020 dated 8.05.2020 and Suo-Motu Order No. 6 of 2020 dated 5.08.2020 which are amended by this order are with regards to capacity of the project & commercial aspects i.e. wheeling charge and losses, banking charges, cross subsidy surcharge and additional surcharge, energy accounting, banking period, surplus energy injection rate payable by distribution licensee etc."

As per above provision order issued dtd 11.6.2021 in which banking charge applicable but project was commissioned on Dt.24.05.2021. Therefore banking charges not applicable and unit set off to be calculated on monthly basis.

2.5 Applicant has submitted relevant CGRF Case No. UGA 04-002-2022-23 issued in favor of complainant M/s Aerolam ltd, At: Dalpur, Ta: Prantij, Dist: Sabarkanth for waive the banking charge and refund the recovered banking charge amount.

2.6 Applicant has requested to Forum to waive the banking charge and to give unit setoff on monthly basis and refund the recovered banking charge as per GERC order no. 1936 of 2021.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૧૨૧૪૨ તા.૦૪-૧૨-૨૦૨૩ મુજબ અરજદાર દ્વારા મે. દૃહિ એલોય સ્ટીલ પ્રોસેસર, ગ્રાહક નંબર: ૨૮૭૮૧ (HT)માં સોલાર પોલીસી-૨૦૨૧ અંતર્ગત બેન્કિંગ ચાર્જની વસુલાત બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

3.1 અરજદાર ગ્રાહક દ્વારા પીજીવીસીએલ સાથે તા.૨૦.૦૫.૨૦૨૧ ના રોજ (કેપ્ટિવ વપરાશ માટે ઇન્ટર કનેક્શન) સોલાર રૂફટોપ માટે સોલર પોલિસી-૨૦૨૧ અંતર્ગત એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.

૩.૨ ફરિયાદી ગ્રાહક દ્વારા તા.૨૦.૦૫.૨૦૨૧ થી આજદિન સુધી પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં બેન્કિંગ ચાર્જ સુધારવા બાબતે કોઈ જ પ્રકારની જાણ કે વાંધા બાબતનો પત્ર વ્યવહાર કરેલ નથી.

3.3 ઉપરોક્ત એગ્રીમેન્ટની શરત નં - ૧૪ મુજબ કોઈપણ પ્રકારે વિવાદ કે બીલ બાબતના પ્રશ્ન અંગે સૌપ્રથમ એગ્રીમેન્ટ સહીકર્તા દ્વારા અરસ-પરસ રજૂઆતથી સમજુતી કરવાની રહે છે, અને ૬૦ દિવસ કે સમજૂતીથી વધારે સમયગાળા માં સંતોષકારક ઉકેલ લાવવાનો રહે છે. નિયત સમયમર્યાદામાં વિવાદનો ઉકેલ ન આવવાના સંજોગોમાં એગ્રીમેન્ટની જોગવાઈ મુજબ સી.જી.આર.એફ. કે નામદાર ઓમબુડસમેનમાં રજૂઆત કરી શકાય.

૩.૪ અરજદારની સદર ફરિયાદ અન્વયે વડીકચેરીનું પરામર્શ લેવું જરૂરી હોય, સદર રજૂઆત અન્વયે વડીકચેરી પાસેથી જરૂરી સૂચના મેળવી ગ્રાહકની રજૂઆતનું નિરાકરણ કરવામાં આવશે.

૩.૪ અરજદાર દ્વારા વર્તુળ કચેરીએ/વર્તુળ કચેરીએ રજૂઆત કર્યા વિના સીધા જ સી.જી.આર.એફ.માં ફરિયાદ નોંધાવેલ હોવાથી સદર ફરિયાદ હાલમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ચલાવવા પાત્ર નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૧૨૧૪૨ તા.૦૪-૧૨-

૨૦૨૩ મુજબ ફરિયાદી અરજદાર મે. દ્રુહિ એલોય સ્ટીલ પ્રોસેસર, ગ્રાહક નંબર: ૨૮૭૮૧ (HT) દ્વારા બેન્કિંગ ચાર્જની વસુલાત બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ફરિયાદી અરજદાર અને સામેવાળા પક્ષકાર વચ્ચે તા.૨૦.૦૫.૨૦૨૧ ના રોજ સોલાર પોલિસી-૨૦૨૧ હેઠળ સોલાર રૂફટોપ પ્રોજેક્ટ અંતર્ગત કેપ્ટિવ વીજવપરાશ માટે ઇન્ટર કનેક્શન કરાર (પ્રોવિઝનલ) સોલાર રૂફટોપ માટે એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.

૪.૩ અરજદારની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સોલાર જનરેટેડ યુનીટના સેટઓફની ગણતરીમાં બેન્કિંગ ચાર્જ રૂ.૧.૧/યુનીટ વસુલવામાં આવે છે, તેમજ રોજે-રોજનું સેટઓફ સદર સોલાર પ્લાન્ટ કમીશનીંગ થયાની તારીખથી આપવામાં આવે છે, પરંતુ નામદાર જીઈઆરસીના ઓર્ડર નં.-૧૯૩૬/૨૦૨૧ તા.૧૧-૦૬-૨૦૨૧ મુજબ બેન્કિંગ ચાર્જ અને સેટઓફની ગણતરી કરવામાં આવતી ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૪ સામેવાળા દ્વારા રજુ કરેલ પ્રોવિઝનલ ઇન્ટર કનેક્શન એગ્રીમેન્ટ તા.૨૦-૦૫-૨૦૨૧ મુજબ ફરિયાદી અરજદાર દ્વારા સોલાર પોલીસી-૨૦૨૧ હેઠળ સોલાર રૂફટોપ ૭૭૫.૧૭ KW (DC) નો પ્રોજેક્ટ, પ્લોટ નં-જી-૧૩૧૨, લોધિકા જી.આઈ.ડી.સી. ગામ-મેટોડા તા.લોધિકા ખાતે લગાડવા ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સીમાં નોંધણી નંબર-PG/HT/10054181 Dtd:07-08-2020 થી કરવામાં આવેલ છે. ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૪-૦૫-૨૦૨૧ ના રોજ ચેકિંગ શીટ નં-૩૪૫૨૧ મુજબ નવું મીટર ઇન્સ્ટોલ કરેલ છે. અરજદાર અને સામેવાળા વચ્ચે થયેલ પ્રોવિઝનલ એગ્રીમેન્ટના લાગુ પડતા ક્લોઝ નં-૭ કોમર્શીયલ સેટલમેન્ટ અને ક્લોઝ નં-૯ બેન્કિંગ ચાર્જ તથા ક્લોઝ નં-૧૪ ડીસપ્યુટ રીઝોલ્યુશન નીચે મુજબ નોંધાયેલ છે.

"7. Commercial Settlement

The commercial settlement will be as follows:

i. In case of HV/EHV consumers: The solar energy set-off shall be allowed between 07.00 hours to 18.00 hours of the same day basis. That means, the injected solar energy in the grid shall be set off against consumption of HT or EHV consumer during 07.00 hours to 18.00 hours on the same day basis. In case of net import of energy by the consumer from grid during 07.00 hours to 18.00 hours of same day, it shall be billed as per applicable tariff to respective category of consumers as approved by the Commission from time to time. The energy generated by Solar PV System shall be set off against units consumed (not against load/demand) and consumer shall pay demand charges, other charges, penalty etc. as applicable to other consumers of respective category. In case of net export of solar energy by consumer in the grid during 07.00 hours to 18.00 hours on the same day basis, it shall be considered as surplus injection by consumer and same shall be compensated by DISCOM as per the rate mentioned in this agreement."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

"9. Banking Charge

i. In case of MSME Manufacturing Enterprises and other than Demand Based Consumers - Banking charge of Rs.1.10 /Unit on solar energy consumed by consumer.

ii. In other cases - Banking charge of Rs.1.50 /Unit on solar energy consumed by consumer. Provided that Banking charge shall not be applicable in case of Solar Project Residential building, Government Building and Solar project set up for compliance of RPO.

For the purpose of applicability of Banking Charges, the solar energy consumption shall be worked out as per the solar generation units recorded in solar energy meter of solar power system during the billing period LESS surplus units on which Surplus injection Compensation is paid by DISCOM.

14. Dispute Resolution:

All disputes or differences between the Parties arising out of or in connection with this Agreement shall be first tried to be settled through mutual negotiation, promptly, equitably and in good faith.

In the event that such differences or disputes between the Parties are not settled through mutual negotiations within sixty (60) days or mutually extended period, after such dispute arises, then for

(a) any dispute in billing pertaining to energy injection and billing amount, it would be settled by the Consumer Grievance Redressal Forum and Electricity Ombudsman.

(b) any other issues pertaining to the Regulations and its interpretation; it shall be decided by the Gujarat Electricity Regulatory Commission following appropriate prescribed procedure.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ફરિયાદી અરજદાર દ્વારા યુજીવીસીએલના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના કેસ નં-UGA-04-002-2022-23 ના ઓર્ડરની નકલ જોડેલ છે જેમાં મુખ્યત્વે નીચે મજબની બાબતો રજ થયેલ છે, જેમાં કરીયાદીનું એબીટી અને સોલાર મીટર તા.૦૨-૦૬-૨૦૨૧ ના રોજ ઇન્સ્ટોલ કરેલ છે, જે જીઈઆરસી પીટીશન નં ૧૯૩૬/૨૦૨૧ ના ઓર્ડર તા.૧૧-૦૬-૨૦૨૧ અગાઉ ચાલુ થયેલ હોવાથી બેન્કિંગ ચાર્જ વસુલવાપાત્ર નથી.

૪.૬ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર સાથે થયેલ પ્રોવિઝનલ એગ્રીમેન્ટ મુજબ બેન્કિંગ ચાર્જ અને કોમર્શિયલ સેટલમેન્ટ, પ્રોવિઝનલ એગ્રીમેન્ટ તા.૨૦-૦૫-૨૦૨૧ મુજબ ગણતરી કરવામાં આવે છે.

૪.૭ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદાર ગ્રાહકને વીજબીલમાં કેપ્ટીવ વપરાશ માટે થયેલ ઇન્ટર કનેક્શન સોલાર રૂફટોપ માટેના એગ્રીમેન્ટ મુજબ, બેન્કિંગ ચાર્જ અને સોલાર યુનીટના સેટઓફની ગણતરી કરવામાં આવે છે.

૪.૮ સદર સોલાર એગ્રીમેન્ટના ક્લોઝ નં-૧૪ મુજબ અરજદારને કોઈ ફરિયાદ હોય તો, સંલગ્ન કચેરીમાં રજૂઆત કરવાની હોય છે. સદર કેસમાં અરજદાર દ્વારા લાગુ પડતી પીજીવીસીએલની કચેરીમાં સદર એગ્રીમેન્ટ પરત્વે રજૂઆત / ફરિયાદ નોંધાવેલ હોય તેના આધાર-પુરાવા રજુ કરેલ નથી.

૪.૯ અરજદાર દ્વારા ઉલ્લેખ કરાયેલ નામદાર જીઈઆરસી પીટીશન નં-૧૯૩૬/૨૦૨૧ તા.૧૧-૦૬-૨૦૨૧ ના ઓર્ડર અન્વયે અરજદાર અને સામેવાળા વચ્ચે સોલાર ઇન્ટર કનેક્શન માટેના પ્રોવિઝનલ એગ્રીમેન્ટમાં કોઈ સુધારા-વધારા થયેલ હોય તેની કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારની સદર રજૂઆત મુજબ, બન્ને પક્ષકારો વચ્ચે થયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ અન્વયે તેમજ નામદાર જીઈઆરસી દ્વારા અપાયેલ હુકમ નં-૧૯૩૬/૨૦૨૧ તા.૧૧-૦૬-૨૦૨૧ અનુસંધાને અર્થઘટન બાબતેની હોય, અરજદારની અરજી પરત્વે કોઈ ગુણદોષનું અવલોકન કરવામાં આવેલ નથી, જેથી અરજદારની રજૂઆત અન્વયે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.